અપીલ અરજી નં.૩૯૨ તા.૧૩–૩–૦૯

અરજદારઃ શ્રી મોહમદ સીદીક આમદભાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહમદ સીદીક આમદભાઈની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી ભાગળ તળાવ સીંધીવાડ, ઉંચી મસ્જીદની ગલીમાં આવેલા ૧૦/૨૧૦૦ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર પાર્કીગની જગ્યા પર બનાવેલી દુકાનો કાયદેસર છે? જે અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૨ /૨૦૦૮–૦૯

શ્રી મોહમદ સીદીક આમદભાઈની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી ભાગળ તળાવ સીંધીવાડ, ઉંચી મસ્જીદની ગલીમાં આવેલા ૧૦/૨૧૦૦ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર પાર્કીગની જગ્યા પર બનાવેલી દુકાનો કાયદેસર છે? જે અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૮ તા.૧૯–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૬૫૫ તા.૧૬–૩–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી સમય મર્યાદા બાદ પણ માહિતી મળેલ નથી તેવી અરજદારે કરેલ રજુઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પૂરક માહિતીમાં અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૩૭ તા.૧૬–૧–૦૯ થી અરજદારને સમય મર્યાદામાં રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ અંગે દુકાનોની કાયદેસરતા બાબતે મંજુર પ્લાનમાં દુકાનો નથી. મુ દ્દા નં.૨ અંગે મંજુર પ્લાનમાં પાર્કીગની જગ્યા દર્શાવેલ છે પરંતુ સ્થળ પર છોડેલ નથી તથા મુદ્દા નં.૩ થી ૫ ગેરકાયદેસર બાંધકામ દૂર કેમ કરવામાં આવ્યું નથી તથા કયારે થશે તેમજ સ્થળ ઉપર જઈ માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ દફતર ઉપર જોતાં કાર્યવાહી થયેલ નહીં હોવાની માહિતી આપેલ છે આમ અરજદારને સમય મર્યાદામાં દફતરી માહિતી આપેલ હોવાનું જણાય છે. કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે તેથી સ્થળ ઉપર જઈ માહિતી આપવાનો મુદ્દો જોગવાઈ સાથે સુસંગત નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપલબ્ધ દફતરી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર અપીલમાં માહિતી નહીં મળ્યાની રજુઆતને અનુલક્ષી આપેલ માહિતી પત્રની નકલ પુનઃ અરજદારને રવાના કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહમદ સીદીક આમદભાઈ,